# IITGn ખાતે ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સ માટે હાયપર એક્સેલરેટર પ્રોગ્રામ યોજાયો

IIT ગાંધીનગરનાં ઈનોવેશન એન્ડ આંત્રપ્રિન્યોરશિપ સેન્ટર ખાતે ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સ માટે હાયપર એક્સેલરેટર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ થકી સ્ટુડન્ટ્સને માર્કેટ વેલિડેશન, લીન બિઝનેસન મોડલ્સ, ફંડ રેઈઝિંગ ટેક્નિક્સ, વેલ્યુએશન પીચ, પીચ ડેસ્ક, સેલ્સ એન્ડ માર્કેટિંગ પ્લાન્સ, સ્ટ્રેટેજિક પ્લાનિંગ, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. જેને યુ.એસ.એ.ની ડેન્વરનાં વેન્ચર કેપિટલ એક્ઝેક્યુટિવ ક્ષિપ્રા કુનાપલ્લી અને એન્જલ ઈન્વેસ્ટર કમલેશ દ્વિવેદી દ્વારા બિઝનેસ એડવાઈઝરીનાં શરૂઆતી સમયનાં ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સને કેવી રીતે બૂસ્ટ કરી શકાય તે અંગે



સ્ટુડન્ટ્સ માટે પાંચ દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં સ્ટુડન્ટ્સની ૧૩ ટીમોએ પાર્ટિસિપેટ કર્યું હતું જેમાં મેડિકલ પ્રેક્ટિશનર્સ અને રેવન્યૂ સ્ટેજ સ્ટાર્ટઅપ્સનાં ગુજરાત, કર્ણાટક અને ઉત્તર પ્રદેશનાં સ્ટુડન્ટ્સ હાજર રહ્યાં હતા.

**Title:** Hyper accelerator program for technology start-ups held at IITGN
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/m/286161/5c560d1f532e6
http://sandeshepaper.in/edition/55834/ahmedabad/page/19
**Date:** 03-02-2019